# પ્રાંતિજ બજાર બંધને મિશ્ર પ્રતિસાદ






**વેપારીઓ દ્વારા આપવામા આવેલ સ્વયંભૂ બંધમાં મતભેદ : સમયના ફેરફારને લઈને આપવામાં આવેલ બંધમાં મિશ્ર પ્રતિસાદ : કેટલાક વેપારીઓએ જણાવ્યુ કે રજુઆત કરનારાઓએ અમને વિશ્વાસમાં લીધા નથી**

પ્રાંતિજ તા. ૮
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોરોનાના સંક્રમણને અટકાવવા માટે વેપારીઓ દ્વારા આપવામાં આવેલ સ્વયંભૂ સમયના ફેરફાર કરવાના બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો છે.

હાલ કોરોના પ્રભુત્વ ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ સહિત તાલુકામાં જોવા મળી રહ્યું છે અને પ્રાંતિજ ખાતે વધતા જતા કેસોને લઈને પ્રાંતિજના વેપારીઓ દ્વારા નગરપાલિકાના પ્રમુખ સાથે સંકલનમાં રહીને બજાર ખોલવા બંધ કરવાના સમય માં ફેરફાર કરવામાં આવ્યો હતો જેમાં આજથી ૮-૭-૨૦૨૦થી ૧૫-૭-૨૦૨૦ સુધી સવારના ૭ થી બપોરના ૧ વાગ્યા સુધીનો સમય નકકી કરવામાં આવ્યો હતો પણ પ્રાંતિજ બજારમાં બે વાગ્યા સુધી પણ કેટલાક દુકાનો ખુલ્લી જોવા મળી હતી અને પ્રાંતિજ બજાર સ્વયંભૂ બંધ ફેરફાર સમયમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો ત્યારે આ અંગે કેટલાક વેપારીઓ કેમેરા સામે ન બોલતા તેઓએ જણાવ્યુ હતું કે રજુઆતકર્તાઓએ અમને વિશ્વાસમાં લીધા ન હોઈ અમે દુકાનો બંધ રાખેલ નથી અને જો અમને વિશ્વાસમાં લીધા હોત તો અમે પણ જરૂરી સહકાર આપ્યો હોત. કોરોનાનું સંક્રમણ અટકે તેવું સૌ શહેરીજનો ઈચ્છે છે પણ સવાલ એ છે કે સામુહિક પ્રયાસ થાય તો કોરોના નિયંત્રણ થાય તેમ છે ત્યારે હવે જોવું એ રહ્યું કે વેપારીઓ દ્વારા આપવામા આવેલ સવારના ૭ થી બપોરના ૧ વાગ્યા સુધીનું સ્વયંભૂ બંધને કેવો પ્રતિસાદ મળશે એ તો હવે જોવું રહ્યું.

## બનાસકાંઠામાં વધુ ૧૫ પોઝિટિવ કેસ

### પાલનપુર ૧૧, ડીસા ૧, ધાનેરા ૧, વાવ ૧, કાણોદર ૧

પાલનપુર
બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો કહેર જારી રહ્યો છે. જ્યાં બુધવારે જિલ્લામાં વધુ ૧૫ કેસ પોઝિટિવ નોંધાયા હતા. પાલનપુર ૧૧, ડીસા ૧, ધાનેરા ૧,વાવ ૧, કાણોદર ૧ પોઝિટિવ કેસ નોંધાયો હતો. જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૪૦ પહોંચી ગઈ છે. મૃત્યુઆંક ૧૪ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં બુધવારે કોરોનાના વધુ ચાર કેસ નોંધાયા હતા. જેમાં પાલનપુર ૧૧, ડીસા ૧, ધાનેરા ૧,વાવ ૧, કાણોદર ૧ પોઝિટિવ કેસ નોંધાયો હતો. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૩૪૦ પહોંચી ગઈ છે. જયારે ૧૪ દર્દીઓના મોત નિપજયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા મથક પાલનપુરમાં કોરોના વાયરસની ગંભીર સ્થિતિ છે. ત્યારે હવે તંત્ર કડકાઈ ઉપર આવ્યું છે. જ્યાં પોલીસ દ્વારા બુધવારે શહેરના વિવિધ વિસ્તારોમાં કડક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. અને માસ્ક ન પહેરનાર લોકો પાસેથી દંડ વસુલ કરવામાં આવ્યો હતો. તો કોરોના ના વધતા કેસોના પગલે હવે વેપારીઓ પણ ચિંતિત બન્યા છે. કરીયાણા એસોસિએશન દ્વારા ૨ વાગ્યા બાદ દુકાનો બંધ કરવામાં આવી છે.એવી જ રીતે હેર કટિંગ સલૂન પણ બપોર બાદ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



### ગુજરાતના હોદ્દેદારો દ્વારા રાજ્યસભાના સાંસદનું સન્માન કરાયું

ગુજરાત રાજ્યમાં રાજ્યસભાના સાંસદ સભ્યોની તાજેતરમાં ભારે રસાકસીભરી ચુંટણી યોજાઈ હતી. સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના વતની, પુર્વ ધારાસભ્ય રમીલાબેન બારા રાજ્યસભાના સાંસદ તરીકે ચુંટાઈ આવતા સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત આદિવાસી સમાજમાં સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે. ભારતીય આદિવાસી અધિકાર પંચ,ગુજરાતના હોદ્દેદારો ધ્વારા રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારાનું સન્માન ગાંધીનગર ખાતે કરાયું હતું. ભારતીય આદિવાસી અધિકાર પંચ, ગુજરાતના હોદ્દેદારો દિલીપભાઈ નિનામા, મેહુલભાઈ મડીયા, કીરીટભાઈ ખરાડી, નૈનેષભાઈ સુવેરા, મીકલભાઈ ડામોર, મહેન્દ્રભાઈ મોડીયા, રાજેન્દ્રભાઈ તેજોત સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## મંત્રી રમણલાલ પાટકરને કોરોના પોઝિટીવ આવતા અરવલ્લીમાં હડકંપ

### ૩૦ જૂને અરવલ્લી આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં ઉપસ્થિત હોવાથી ભયનો માહોલ

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ દિવસ-રાત વધી રહ્યું છે કોરોના પોઝેટીવ દર્દીઓની સંખ્યા ૨૫૦ ને પાર કરી ચુકી છે મોડાસા શહેરમાં વધુ ત્રણ કોરોના પોઝેટીવ કેસ સાથે જીલ્લામાં કોરોનાનો આંક ૨૫૬ પર પહોંચ્યો છે અરવલ્લી જીલ્લા કલેક્ટર કચેરી ખાતે ૩૦ જૂને અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક જિલ્લા પ્રભારી તથા આદિજાતિ અને વન રાજય મંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી તેના થોડા દિવસો બાદ મંત્રી કોરોનામાં સપડાતા બેઠકમાં ઉપસ્થીત અરવલ્લી જીલ્લાના



અધિકારીઓ અને પદાધિકારીઓ ફફડાટ ફેલાયો છે હાલ તો જીલ્લા પ્રશાસન તંત્રને કોરન્ટાઈન થવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે રાજ્ય મંત્રી રમણલાલ પાટકરે બીજેપીના અગ્રણીઓ અને કાર્યકરો અને મુલાકાતીઓ સાથે પણ સંવાદ કર્યો હોવાથી ભયનો માહોલ જોવા મળી રહ્યો છે આરોગ્ય તંત્રએ બેઠકમાં ઉપસ્થિત અને મંત્રીના સંપર્કમાં આવેલા લોકોની યાદી મેળવવા અને કોરન્ટાઈન કરવા કામગીરી હાથધરી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી મંત્રી રમણલાલ પાટકર મોડાસા બેઠક બાદ કોરોના સંક્રમિત થતા મોડાસામાંથી તો ચેપ નહિ લાગ્યો હોય ને જેવા સવાલ પેદા થઈ રહ્યા છે.

૩૦ જૂને જીલ્લા કલેક્ટર કચેરી સભાખંડમાં જિલ્લા પ્રભારી તથા આદિજાતિ અને વન રાજય મંત્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં યોજાઈ હતી આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, ભિલોડા-મેઘરજના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા, અરવલ્લી કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર, જીલ્લા પોલીસ વડા મયુર પાટીલ, જિલ્લા વિકાસ અધિકારી, ડૉ.અનિલ ધામેલીયા, અધિક કલેકટર આર.જે.વલવી, પ્રાયોજના અધિકારી મુનિયા, જીલ્લા પંચાયત સદશ્યો બીજેપી જીલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, અન્ય સંલગ્ન કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા બેઠક પૂર્ણ કર્યા બાદ બીજેપી પક્ષના કેટલાક અગ્રણીઓ અને કાર્યકરો સાથે પણ મુલાકાત કરી હતી. મંત્રી રમણલાલ પાટકરની બેઠકના થોડા દિવસો પછી તબિયત લથડતાં કોરોનાનો ટેસ્ટ કરાવતા કોરોના પોઝેટીવ આવતા મંત્રીને સારવાર અર્થે અમદાવાદ યુ.એન.મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાના સમાચાર વહેતા થતાની સાથે બેઠકમાં ઉપસ્થિત રહેલા અધિકારીઓ અને પદાધિકારીઓમાં અને મુલાકાત કરનાર તમામ લોકોમાં ફફડાટ ફેલાયો છે હાલ આરોગ્ય તંત્રએ બેઠકમાં ઉપસ્થિત રહેલા અને સંપર્કમા આવેલા અધિકારીઓ અને પદાધિકારીઓ અને લોકોની યાદી મેળવવા તજવીજ હાથધરી હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી.

### અરવલ્લીવાસીઓને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે પાણીના સંપની સફાઈ કરાઈ

મોડાસા, ૮
અરવલ્લી જિલ્લામાં ચોમાસા પૂર્વે પાણીજન્ય



રોગચાળાથી બચાવી શકાય તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરી છે તેની સાથે પાણી પુરવઠા વિભાગે પણ જિલ્લામાં પાણીના મુખ્ય સ્રોતની સફાઈ કરી લોકોને પીવાનું શુધ્ધ પાણી પંહોચાડવાની નેમ વ્યકત કરી છે.

જિલ્લાના ગ્રામિણ અને આદિજાતિ વિસ્તારોમાં લોકોને ઘર આંગણે નળ કનેકશનથી પાણી મળી રહે તે માટે નલ સે જલ યોજના અંતર્ગત પીવાના પાણીની ૯૯૦ યોજનાઓ થકી ઘરે-ઘરે પાણી પંહોચાડવાનું આયોજન હાથ ધરાયું છે જેના પાણીના મુખ્ય સ્રોત સંપ, બોરવેલ તેમજ હેન્ડપંપ અને ઓવર હેડ ટાંકીઓ છે. જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના લોકો ચોમાસા દરમિયાન પાણીજન્ય રોગચાળાની અસરમાં ન આવે તે માટે જિલ્લાના પાણી પુરવઠા વિભાગે તાલુકાઓમાં હયાત ૪૬ સ્રોતની સફાઈ કરી છે.

જેમાં બાયડ તાલુકાના ૯, ભિલોડાના ૯ ધનસુરાના ૭ માલપુરના ૭ મેઘરજના ૭ અને મોડાસાના ૭ પાણીના ઓવરહેડ ટાંકીઓ અને સંપની સફાઈ કરી જિલ્લાવાસીઓને પીવાનું શુધ્ધ પાણી આપવા કટીબધ્ધ બન્યા છે.




### બાયડ 'ફાઇનલ ટચ'માં પીપીટી કિટ પહેરી હેર કટીંગ કરાયા

કોરોનાવાયરસના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે બાયડમાં આવેલ ફાઈનલ ટચ હેર કટીંગમાં હિરેનભાઈ નાઈ તથા ઉમંગભાઈ નાઈ દ્વારા પીપીટી કિટ પહેરીવ હેર કટિંગ કરવામાં આવતા છે તથા ગ્રાહકોને પણ માસ્ક ફરજિયાત પહેરીને બેસાડવામાં આવે છે તથા અંદર આવતા ગ્રાહકને થર્મલ સ્કેનિંગ કરવામાં આવે છે તથા સંક્રમણ ના થાય તે માટે ડિજિટલ પેમેન્ટ પણ કરવામાં આવે છે.

### ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા

## શ્રી ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમી સ્વામિનારાયણ મંદિરમાં અષાઢી તોલાઈ

ભિલોડા,તા.૭
અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા શ્રી ગોપાળાનંદ



સ્વામીની પવિત્ર પાવન જન્મભુમીમાં શ્રી સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી તોલાઈ હતી.આ વર્ષે એકદંરે વરસાદ સારો રહેશે, પાછોતરો વરસાદ થશે, મનુષ્યમાં રોગચાળો વકરવાની સંભાવના સેવાઈ છે.હરી ભક્તોએ જણાવ્યું હતુ કે ખેડુતો, વેપારીઓ અને નોકરીયાત વર્ગ ટોરડાની અષાઢીનો તોલ સાંભળવા માટે છેલ્લા કેટલાક સમયથી ઉત્સુક હતો. આ ઐતિહાસિક પરંપરા મુજબ શ્રી સ્વામીનારાયણ મંદીર પરીસરમાં તોલાતી અષાઢી સાંભળવા માટે સૌ-કોઈ પ્રતિ વર્ષ તત્પર રહેતા હોય છે. સ્વામીનારાયણ ભગવાનના વાઘામાં જુદા-જુદા ધાન્ય પાકોની પોટલીઓ બનાવી સોનીના કાંટે તોલી પાંચ પંચોની રૂબરૂ પોટલીઓ બાંધી સ્વામીનારાયણ ભગવાન પાસે મુંકવામાં આવે છે. તોલાયેલા અષાઢીના વર્તારા મુજબ વરસાદ એકદંરે સારો, પાછોતરો વરસાદ થાય તેવું અનુમાન છે. શિયાળુ અને ઉનાળાની ઋતુ દરમ્યાન પાક સારો થઈ શકે તેવું અનુમાન છે.ટોરડા મંદીરએ અષાઢી તોલાઈ ત્યારે ખેડુતો, વેપારીઓ, ગ્રામજનો, હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અષાઢીના તોલનો વર્તારો વર્ષોથી એકદંરે સાચો પડે છે.

અષાઢીનો તોલ :- સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની જન્મભુમિ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજ, સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના સાનિધ્યમાં ટોરડા મંદિરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી,સર્વે મંડળ, ટોરડા સહિત આસપાસના ગામના ખેડુતો અને નોકરીયાત વર્ગની હાજરીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી તોલાઈ હતી. વર્ષોથી ચાલી આવતી આ ઐતિહાસિક પરંપરા મુજબ અષાઢી પુર્ણિમાની રાત્રે ૧૧ ધાન્ય પાકોને ૫ - ૫ ગ્રામ તોલીને ભગવાનના વસ્ત્રોમાં બાંધીને એક માટલીની અંદર મુકીને માટલીને ઉપરથી માતાજીની સાડીથી મોઢું બાંધી દેવામાં આવે છે પછી તેને ભગવાનની સમક્ષ મુંકવામાં આવે છે. બીજા દિવસે સવારે અષાઢ વદ એકમના રોજ ફરીથી તે ધાન્યોનો તોલ કરવામાં આવે છે.જે પાક વધારે પાકવાનો હોય તે વધે છે જે પાક ઘટવાનો હોય તે ઘટે છે.

## અરવલ્લીમાં આત્મહત્યાના બે બનાવમાં ત્રણના મોત

### શામપુર ગામે પત્ની રિસાઈને જતી રહેતા પતિએ પુત્રી સાથે વખ ગોળ્યું, ભિલોડામાં યુવકે દુકાનમાં ગળેફાંસો ખાતા ચકચાર

અરવલ્લી જીલ્લામાં બે જુદા-જુદા સ્થળોએ આત્મહત્યાના બનાવ બહાર આવતાં ભારે ચકચાર મચી છે જેમાં મોડાસા તાલુકાના શામપુર ગામે ૫૫ વર્ષીય આધેડે તેની પત્ની બે મહિનાથી બાળકોને મૂકી રિસાઈ પીયર જતી રહેતા ૫ વર્ષીય પુત્રી સાથે ઝેરી પ્રવાહી પી ને આત્મહત્યા કરી લેતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા. બીજી બાજુ ભિલોડા ત્રણ રસ્તા નજીક બેન્ડ અને ડીજે માલિક યુવકે તેની દુકાનમાં અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ ફાની દુનિયાને અલવિદા કરી દેતા પરિવારજનો અને સગા-સંબંધીઓ દુકાને ઉમટી પડ્યા હતા, ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોડાસા તાલુકાના શામપુર ગામે રહેતા દીપસિંહ કિશોરસિંહ પરમારની પત્ની બે મહિના અગાઉ અગમ્ય કારણોસર ૫ વર્ષીય પુત્રી અને ૨ વર્ષના પુત્રને મૂકીને રિસાઈ પિયર જતી રહેતા દીપસિંહ પત્નિ તરછોડીને જતી રહેતા બંને બાળકો સાથે પત્ની પરત આવવાની રાહ જોઈ રહ્યા હતા. બે મહિના થવા આવ્યા છતાં પત્ની પરત ન ફરતાં મનમાં લાગી આવતા મંગળવારે સવારે તેમની ૫ વર્ષની પુત્રીને ઝેરી પ્રવાહી પીવડાવી તેમેને પણ ઝેરી દવા ઘટઘટાવી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી. દીપસિંહની માતા સવારે પુત્રને દૂધ આપવા જતા પુત્ર-પૌત્રીને મૃત હાલતમાં પડેલા જોતા જ બુમાબુમ કરી મુકતા પરિવારજનો અને લોકો દોડી આવ્યા હતા. પરિવાર જનોએ મોડાસા રૂરલ પોલીસને જાણ કરતાં પી.આઈ પટેલ અને તેમની ટીમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક પીતા પુત્રીના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડાના માંકરોડા ગામના અને દીપ સ્ટાર બેન્ડના માલિક તેજસ સળુંભાઈ મોડિયા નામના યુવકે ભિલોડા ત્રણ રસ્તા પર આવેલી તેની દુકાનમાં અગમ્ય કારણોસર પંખા પર લટકીને આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી. યુવકે ગળે ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી દેતા અનેક તર્ક વિતર્ક ઉભા થયા હતા. યુવકે દુકાનમાં આત્મહત્યા કરી લેતા પરિવારજનો દોડી આવ્યા હતા અને ભારે રોકોક્કળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. ભિલોડા પોલીસે મૃતક યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.